## જંબુસર નગર પાલિકાના વિજેતા

| | | | |
|---|---|---|---|
| વોર્ડ -1 | આશાબેન વાઘેલા | ભાજપ | બિનહરીફ |
| વોર્ડ -1 | રીન્કુબેન ખારવા | ભાજપ | બિનહરીફ |
| વોર્ડ -1 | અશોકકુમાર પરમાર | ભાજપ | 1704 |
| વોર્ડ -1 | જયપ્રકાશ પટેલ | ભાજપ | 1541 |
| વોર્ડ -2 | ચૈતાલીબેન પ્રજાપતિ | ભાજપ | બિનહરીફ |
| વોર્ડ -2 | અનીતાબેન પઢીયાર | ભાજપ | બિનહરીફ |
| વોર્ડ -2 | ઈલાક્ષીબેન પટેલ | ભાજપ | 2039 |
| વોર્ડ -2 | સુકૃતભાઇ કાછીયા પટેલ | ભાજપ | 2001 |
| વોર્ડ -3 | બેનઝીર મલેક | કોંગ્રેસ | 2221 |
| વોર્ડ -3 | સમીમબેન પટેલ | કોંગ્રેસ | 1834 |
| વોર્ડ -3 | મોહંમદ દીવાન | કોંગ્રેસ | 1929 |
| વોર્ડ -3 | અબ્દુલસઇદ મલેક | કોંગ્રેસ | 2432 |
| વોર્ડ -4 | શહેનાઝબીબી પઠાણ | કોંગ્રેસ | 1365 |
| વોર્ડ -4 | શેરબાનું પટેલ | કોંગ્રેસ | 1187 |
| વોર્ડ -4 | અહમદશા દીવાન | કોંગ્રેસ | 1569 |
| વોર્ડ -4 | જુબેર નોંઘલા | કોંગ્રેસ | 1619 |
| વોર્ડ -5 | રસીદાબેન ઘાંચી | કોંગ્રેસ | 1283 |
| વોર્ડ -5 | ફરહીન મલેક | કોંગ્રેસ | 2052 |
| વોર્ડ -5 | ઈમ્તિયાઝ બાલાવાલા | કોંગ્રેસ | 2288 |
| વોર્ડ -5 | મહમદસમીર મલેક | અપક્ષ | 2270 |
| વોર્ડ -6 | કેશાબેન મણીયાર | ભાજપ | 1765 |
| વોર્ડ -6 | ચિરાંગીની પટેલ | ભાજપ | 1759 |
| વોર્ડ -6 | અજયભાઈ વાઘેલા | ભાજપ | 1715 |
| વોર્ડ -6 | જીગરકુમાર પટેલ | ભાજપ | 1741 |
| વોર્ડ -7 | વૈશાલીબેન રબારી | ભાજપ | 1579 |
| વોર્ડ -7 | સોનાલીબેન શેરે | ભાજપ | 1504 |
| વોર્ડ -7 | દલપતભાઈ વાઘેલા | ભાજપ | 1444 |
| વોર્ડ -7 | પંકજ પટેલ | ભાજપ | 1608 |

## ભરૂચ નગર પાલિકાના વિજેતા

| વોર્ડનું નામ | વિજેતાનું નામ | રાજકીય પક્ષ | મળેલ મત |
|---|---|---|---|
| વોર્ડ-1 | સુનિતાબેન રાવળ | કોંગ્રેસ | 3525 |
| વોર્ડ-1 | રાબીયા પટેલ | કોંગ્રેસ | 3759 |
| વોર્ડ-1 | ઇમરાન પટેલ | કોંગ્રેસ | 4097 |
| વોર્ડ-1 | ઝુબેર પટેલ | કોંગ્રેસ | 3912 |
| વોર્ડ-2 | નફીસા પટેલ | કોંગ્રેસ | 7100 |
| વોર્ડ-2 | સાબેરા પટેલ | કોંગ્રેસ | 7090 |
| વોર્ડ-2 | હેમેન્દ્ર કોઠીવાલા | કોંગ્રેસ | 6728 |
| વોર્ડ-2 | સમસાદઅલી સૈયદ | કોંગ્રેસ | 7432 |
| વોર્ડ-3 | રચિતા મોદી | ભાજપ | 3679 |
| વોર્ડ-3 | વિશ્રુતિ દુધવાલા | ભાજપ | 3525 |
| વોર્ડ-3 | વિજયભાઇ મકવાણા | ભાજપ | 3605 |
| વોર્ડ-3 | ભાવિનકુમાર પટેલ | ભાજપ | 4056 |
| વોર્ડ-4 | દિક્ષાબેન વસાવા | ભાજપ | 4365 |
| વોર્ડ-4 | જીગ્નીશાબેન પટેલ | ભાજપ | 4438 |
| વોર્ડ-4 | હેમેન્દ્રકુમાર પ્રજાપતિ | ભાજપ | 4072 |
| વોર્ડ-4 | પ્રજ્ઞેશભાઇ પટેલ | ભાજપ | 4376 |
| વોર્ડ-5 | હેમાંગીની મિસ્ત્રી | ભાજપ | બિનહરીફ |
| વોર્ડ-5 | નીનાબેન યાદવ | ભાજપ | 3241 |
| વોર્ડ-5 | દિવેન્દ્રસિંહ વસાવા | ભાજપ | બિનહરીફ |
| વોર્ડ-5 | અર્પણ જોષી | ભાજપ | 3474 |
| વોર્ડ-6 | વિભૂતિબેન યાદવ | ભાજપ | 4010 |
| વોર્ડ-6 | હેમુબહેન પટેલ | ભાજપ | 3957 |
| વોર્ડ-6 | ભાવેશકુમાર મિસ્ત્રી | ભાજપ | 4248 |
| વોર્ડ-6 | ધ્યાન દેશમુખ | ભાજપ | 4012 |
| વોર્ડ-7 | ઉપાસના સોલંકી | ભાજપ | 4656 |
| વોર્ડ-7 | સુરભી તમાકુવાલા | ભાજપ | 4215 |
| વોર્ડ-7 | ચેતનકુમાર રાણા | ભાજપ | 4586 |
| વોર્ડ-7 | રાકેશભાઇ કહાર | ભાજપ | 4263 |
| વોર્ડ-8 | ભાવીશા રાણા | ભાજપ | 2720 |
| વોર્ડ-8 | દીનાબેન ખુમાણ | કોંગ્રેસ | 2653 |
| વોર્ડ-8 | જીગ્નેશકુમાર બ્રહ્મભટ્ટ | કોંગ્રેસ | 2860 |
| વોર્ડ-8 | ધનજીભાઈ ગોહિલ | ભાજપ | 2927 |
| વોર્ડ-9 | રોહિણીબેન સારંગ | ભાજપ | 2769 |
| વોર્ડ-9 | ભારતીબેન વસાવા | ભાજપ | 2440 |
| વોર્ડ-9 | સતીષચંદ્ર મિસ્ત્રી | અપક્ષ | 4779 |
| વોર્ડ-9 | અતુલકુમાર મિસ્ત્રી | ભાજપ | 3691 |
| વોર્ડ-10 | મુનીરાબાનુ કુરેશી | AIMIM | 4007 |
| વોર્ડ-10 | સાદેકાબીબી શેખ | AIMIM | 4033 |
| વોર્ડ-10 | મનોજભાઇ વસાવા | AIMIM | 3703 |
| વોર્ડ-10 | મોહંમદ શેખ | AIMIM | 4761 |
| વોર્ડ-11 | કાજોલબેન વસાવા | ભાજપ | 3686 |
| વોર્ડ-11 | સ્વાતિબેન જાદવ | ભાજપ | 3434 |
| વોર્ડ-11 | ગણેશભાઇ કાયસ્થ | ભાજપ | 3673 |
| વોર્ડ-11 | ચિરાગકુમાર ભટ્ટ | ભાજપ | 3706 |

## આમોદ નગર પાલિકાના વિજેતા

| વોર્ડનું નામ | વિજેતાનું નામ | રાજકીય પક્ષ | મળેલા મત |
|---|---|---|---|
| વોર્ડ-1 | મરીયમબેન પટેલ | કોંગ્રેસ | 805 |
| વોર્ડ-1 | મુમતાઝબહેન મલેક | કોંગ્રેસ | 574 |
| વોર્ડ-1 | ઐયુબશા દીવાન | કોંગ્રેસ | 797 |
| વોર્ડ-1 | સાજીદઅલી રાણા | કોંગ્રેસ | 760 |
| વોર્ડ-2 | શકુબેન રાઠોડ | કોંગ્રેસ | 761 |
| વોર્ડ-2 | દક્ષાબેન પટેલ | ભાજપ | 767 |
| વોર્ડ-2 | મહેન્દ્રભાઇ દેસાઇ | કોંગ્રેસ | 857 |
| વોર્ડ-2 | મહેશભાઈ પટેલ | કોંગ્રેસ | 847 |
| વોર્ડ-3 | રિખાબેન વાઘેલા | ભાજપ | 916 |
| વોર્ડ-3 | રશ્મિકાબેન પરમાર | ભાજપ | 1020 |
| વોર્ડ-3 | બાબુભાઇ વસાવા | ભાજપ | 1018 |
| વોર્ડ-3 | નિર્મલભાઈ પટેલ | ભાજપ | 1064 |
| વોર્ડ-4 | માયાબેન વાઘેલા | ભાજપ | 778 |
| વોર્ડ-4 | મેહમુદાબેન ખત્રી | અપક્ષ | 692 |
| વોર્ડ-4 | દિનેશભાઇ પ્રજાપતિ | ભાજપ | 795 |
| વોર્ડ-4 | નિલેશકુમાર પટેલ | ભાજપ | 802 |
| વોર્ડ-5 | રૂક્શાનાબેન ખલીફા | કોંગ્રેસ | 1577 |
| વોર્ડ-5 | તન્વીરાબાનું રાણા | કોંગ્રેસ | 1693 |
| વોર્ડ-5 | મુકેશભાઇ વસાવા | કોંગ્રેસ | 1690 |
| વોર્ડ-5 | શકીલમહમદ કાપડીયા | કોંગ્રેસ | 1485 |
| વોર્ડ-6 | રિખાબેન માછી | કોંગ્રેસ | 687 |
| વોર્ડ-6 | રસીદા પટેલ | કોંગ્રેસ | 620 |
| વોર્ડ-6 | ઉમેશભાઈ પંડ્યા | કોંગ્રેસ | 738 |
| વોર્ડ-6 | મોહસીનભાઈ શેઠ | કોંગ્રેસ | 687 |
| વોર્ડ -7 | સોનાલીબેન શેરે | ભાજપ | 1504 |
| વોર્ડ -7 | દલપતભાઈ વાઘેલા | ભાજપ | 1444 |
| વોર્ડ -7 | પંકજ પટેલ | ભાજપ | 1608 |

# ભરૂચ જિ.પં.માં ભાજપનો આંક ઘટ્યો

**ભાજપ** બે તાલુકા પંચાયત અને એક નગરપાલિકા ગુમાવી બેઠો

ભરૂચઃ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામો આવતાં જ રાજકીય પંડિતો અને પક્ષોમાં ઝીણવટભર્યા આત્મમંથનની જરૂરિયાત થઈ છે. ભરૂચ જિલ્લા પંચાયતમાં ભાજપે આ વખતે અગાઉની સરખામણીએ એક બેઠક ગુમાવી છે. વર્ષ-2021માં ભાજપે તમામ નવ તાલુકા પંચાયત અને ચારેય નગરપાલિકા જીતી સંપૂર્ણ કેસરિયો લહેરાવ્યો હતો, પરંતુ આ વખતે પાર્ટી બે તાલુકા પંચાયત અને એક નગરપાલિકા ગુમાવી બેઠી છે.

જિલ્લા પંચાયતની 34 બેઠકમાંથી ભાજપને અગાઉના 27ની સરખામણીએ 26 બેઠકો મળી છે અને તેણે બહુમતી જાળવી રાખી છે. સૌથી ચોંકાવનારી વાત એ છે કે, કોંગ્રેસને માંડ 3 બેઠક મળતાં તે ત્રીજા ક્રમે ધકેલાઈ ગઈ છે, જ્યારે આમ આદમી પાર્ટી (આપ) એ પ્રથમ જ વખત જિલ્લા પંચાયતમાં 5 બેઠક જીતી બીજા નંબરની પાર્ટી બની ગઈ છે. નવા યુવાન ચહેરાઓ અને આપના પ્રવેશથી જિલ્લાના રાજકારણમાં નવો રંગ દેખાઈ રહ્યો છે. નોંધનીય છે કે વર્ષ-1995 બાદ ભાજપને દોઢ દાયકા સુધી વનવાસ ભોગવવો પડ્યો હતો. જો કે, 2021માં ભાજપે જિલ્લા પંચાયતમાં 27 બેઠક સાથે સત્તા મેળવી હતી. આ વખતે ભલે બેઠક ઘટી હોય, છતાં પાર્ટીએ બહુમતી જાળવી છે. જિલ્લાના આદિવાસી વિસ્તારોનું રાજકીય સમીકરણ પણ ઉલટાઈ ગયું છે.

એક સમયે છોટુભાઈ વસાવા (જનતાદળ યુ)નો દબદબો હતો અને તેઓ અન્ય પક્ષો માટે કિંગમેકરની ભૂમિકામાં હતા. વર્ષ-2021 પહેલા ઝઘડિયા, વાલિયા અને નેત્રંગ જેવા તાલુકા પંચાયતમાં તેમનો એકહથ્થુ સત્તાકાળ હતો. વર્ષ-2021માં ભાજપે આ ત્રણેય તાલુકા પંચાયત પર કબજો જમાવ્યો હતો. પરંતુ હવે 2026નાં પરિણામોમાં ઝઘડીયા સિવાય વાલિયા અને નેત્રંગ તાલુકા પંચાયતમાં આપ સત્તામાં આવી છે. એક સમયે બીટીપીનો પ્રભાવ ધરાવતા આ વિસ્તારોમાં આ વખતે બીટીપીને એક પણ બેઠક મળી નથી, જે મોટો ફેરફાર ગણાય છે.

## ભરૂચ પાલિકાના વોર્ડ નં.૭માં રિક્ષા એસો.ના મહામંત્રી અતુલ મિસ્ત્રીનો વિજય

"૧૦૮ સર્વિસ" તરીકે ઓળખાતા અતુલ મિસ્ત્રીને વ્યાપક જનસમર્થન મળ્યું



ભરૂચઃ ભરૂચ નગરપાલિકાની ચૂંટણીમાં વોર્ડ નં.૭માં ભાજપ પેનલમાંથી ઉમેદવારી નોંધાવનાર અતુલ મિસ્ત્રી વિજેતા જાહેર થતાં તેમના સમર્થકો તેમજ સ્થાનિક લોકોમાં આનંદનો માહોલ છવાઈ ગયો છે. સામાજિક આગેવાન તરીકે ઓળખ ધરાવતા અને "૧૦૮ સર્વિસ" તરીકે પ્રસિદ્ધ અતુલ મિસ્ત્રીને મતદાતાઓ તરફથી નોંધપાત્ર સમર્થન મળ્યું હોવાનું સામે આવ્યું છે. ઓટો રિક્ષા ચલાવી જીવન નિર્વાહ કરતા અતુલ મિસ્ત્રી માત્ર વ્યવસાયિક રીતે જ નહીં, પરંતુ સામાજિક ક્ષેત્રે પણ સક્રિય રહ્યા છે. તેઓ જય ભારત ઓટો રિક્ષા એસોસિએશન, ભરૂચમાં મહામંત્રી તરીકે કાર્યરત રહી ઓટો રિક્ષા ચાલકોનાં હિત માટે વિવિધ મુદ્દાઓ પર સતત પ્રયત્નશીલ રહ્યા છે. આ વિજય પ્રસંગે જય ભારત ઓટોરિક્ષા એસોસિએશનના પ્રમુખ આબીદબેગ મિર્ઝા, ઉપપ્રમુખ રમેશ મિસ્ત્રી, ખજાનચી ફારુક પટેલ, શહેર પ્રમુખ અજય મારવાડી તેમજ તાલુકા પ્રમુખ ઝાકિર પટેલ સહિતના હોદ્દેદારો અને સભ્યોએ અતુલ મિસ્ત્રીને શુભેચ્છાઓ પાઠવી હતી. એસોસિએશન દ્વારા ઉજવણીનું આયોજન કરી મીઠાઈ વહેંચી વિજયનો આનંદ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## અંકલેશ્વર નગર પાલિકાના વિજેતા

| વોર્ડનું નામ | વિજેતાનું નામ | રાજકીય પક્ષ | મળેલ મત |
|---|---|---|---|
| વોર્ડ-1 | હેતલબેન ગાંધી | ભાજપ | 3021 |
| વોર્ડ-1 | કિંજલબેન ચૌહાણ | ભાજપ | 3120 |
| વોર્ડ-1 | ધર્મેશકુમાર મકવાણા | ભાજપ | 3130 |
| વોર્ડ-1 | સંદીપ પટેલ | ભાજપ | 3245 |
| વોર્ડ-2 | શિલ્પાબેન સુરતી | ભાજપ | 1866 |
| વોર્ડ-2 | વિરલબેન મકવાણા | ભાજપ | 1994 |
| વોર્ડ-2 | ભાવેશ કાયસ્થ | ભાજપ | 2061 |
| વોર્ડ-2 | વિનયકુમાર વસાવા | ભાજપ | 2099 |
| વોર્ડ-3 | સુનિતાબેન વસાવા | ભાજપ | 1768 |
| વોર્ડ-3 | મનિષાબેન પટેલ | ભાજપ | 1790 |
| વોર્ડ-3 | નરેન્દ્રભાઈ પટેલ | ભાજપ | 1911 |
| વોર્ડ-3 | અંકિત રાઠોડ | ભાજપ | 1925 |
| વોર્ડ-4 | અલ્પાબેન પરમાર | કોંગ્રેસ | 1664 |
| વોર્ડ-4 | મીનાક્ષીબેન ચાવડા | ભાજપ | 1584 |
| વોર્ડ-4 | વિશાલ ચૌહાણ | ભાજપ | 1555 |
| વોર્ડ-4 | મ.રફીક શેખ | કોંગ્રેસ | 1814 |
| વોર્ડ-5 | નફીસાબીબી કુરેશી | કોંગ્રેસ | 1989 |
| વોર્ડ-5 | યાસમિનબાનુ શાહ | કોંગ્રેસ | 1789 |
| વોર્ડ-5 | નગીનભાઇ વસાવા | કોંગ્રેસ | 1762 |
| વોર્ડ-5 | વિનયભાઈ પટેલ | કોંગ્રેસ | 1728 |
| વોર્ડ-6 | જ્યોત્સનાબેન રાણા | ભાજપ | 2039 |
| વોર્ડ-6 | અમિષાબેન પટેલ | ભાજપ | 2215 |
| વોર્ડ-6 | સતિષ રાઠોડ | ભાજપ | 1952 |
| વોર્ડ-6 | ચૈતન્યકુમાર ગોળવાલા | ભાજપ | 2106 |
| વોર્ડ-7 | દિક્ષીતાબેન રાણા | ભાજપ | 1848 |
| વોર્ડ-7 | સોનલબેન વસાવા | ભાજપ | 1671 |
| વોર્ડ-7 | તરૂણકુમાર પટેલ | ભાજપ | 1950 |
| વોર્ડ-7 | રાહુલકુમાર વામજા | ભાજપ | 1747 |
| વોર્ડ-8 | સીતાબેન વસાવા | કોંગ્રેસ | 3056 |
| વોર્ડ-8 | શબાનાબીબી મલેક | કોંગ્રેસ | 3480 |
| વોર્ડ-8 | જહાંગીરખાં પઠાણ | કોંગ્રેસ | 3592 |
| વોર્ડ-8 | બક્ત્યારખાન પટેલ | કોંગ્રેસ | 3772 |
| વોર્ડ-9 | કિંજલબેન પટેલ | ભાજપ | 1853 |
| વોર્ડ-9 | ખુશ્બુકુમારી વસાવા | કોંગ્રેસ | 1818 |
| વોર્ડ-9 | અશોકભાઈ પટેલ | ભાજપ | 1970 |
| વોર્ડ-9 | જીજ્ઞેશકુમાર અંદાડીયા | ભાજપ | 1915 |

## અંકલેશ્વરની જલધારા સોસાયટીમાં ચોરી કરનાર મવાલી ઝડપાયો

ભરૂચ, અંકલેશ્વરઃ અંકલેશ્વર જી.આઈ.ડી.સી. વિસ્તારમાં આવેલી જલધારા સોસાયટીમાં ગત તારીખ 23ની રાત્રે ઘરફોડ ચોરીની ઘટના બની હતી. ફરિયાદી નિલેશકુમાર સુવાસસિંગ (ઉં.વ.34)એ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી કે, જ્યારે અમે સૂતા હતા. દરમિયાન કોઈ અજાણ્યો ઈસમ તેમના મકાનની ગ્રીલ ખોલી મકાનમાં પ્રવેશ્યો હતો. તસ્કર મકાનમાંથી રૂ.30,000ની કિંમતનું લેનોવો કંપનીનું લેપટોપ તથા રૂ.10,000ની કિંમતનું લેપટોપ તેમજ આધાર કાર્ડ, પાન કાર્ડ અને એટીએમ કાર્ડ જેવા અગત્યના દસ્તાવેજો મળી કુલ રૂ.40,000ની મત્તાની ચોરી કરી ભાગી ગયો હતો. પોલીસે ગુનો નોંધી તપાસ કરતાં ગડખોલની મહેન્દ્રનગર-2 સોસાયટીના રહેવાસી રવિન્દ્ર ઉર્ફે મવાલી સુરેન્દ્રસિંગ (ઉં.વ.22)ને ઝડપી બંને લેપટોપ સહિત રૂ.40,000નો મુદ્દામાલ રિકવર કર્યો હતો.

# બારડોલીમાં દરવાજો લોક થતાં દોઢ વર્ષનું બાળક ફસાઈ ગયું

**ફાયરની** ટીમે સ્થળ પર પહોંચી રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું

બારડોલીઃ બારડોલીના બાબેન ગામે સુગર ફેક્ટરી વિસ્તારમાં આવેલા ધનલક્ષ્મી કોમ્પ્લેક્સમાં ફ્લેટ નં.302માં એક દોઢ વર્ષીય બાળકે રૂમમાં અંદરથી બંધ કરી દેતાં કોમ્પ્લેક્સમાં દોડધામ મચી ગઈ હતી. બારડોલી ફાયરની ટીમે સ્થળ પર પહોંચી રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું હતું અને બાળકને મહામહેનતે બહાર કાઢ્યું હતું.

બાબેન ગામે સુગર ફેક્ટરી વિસ્તારમાં આવેલા ધનલક્ષ્મી કોમ્પ્લેક્સમાં ફ્લેટ નં.302માં રહેતા



ચિરાગકુમાર પટેલનો દોઢ વર્ષનો માસૂમ પુત્ર શ્લોક બુધવારે સવારે રમતા-રમતા અચાનક ઘરનો મુખ્ય દરવાજો અંદરથી લોક કરી દેતાં ઘરમાં જ પુરાઈ ગયો હતો. આથી પરિવારજનો ભારે ગભરાઈ ગયા હતા અને ઘરનો દરવાજો ખોલવાના તમામ પ્રયાસો શરૂઆતમાં નિષ્ફળ રહ્યા હતા.

દરમિયાન બારડોલી ફાયર વિભાગની ટીમ સ્થળ પર પહોંચી હતી અને લગભગ અડધા કલાકની ભારે જહેમત અને સમયસૂચકતા બાદ, માસૂમ શ્લોકને કોઈપણ જાતની ઈજા કે નુકસાન પહોંચાડ્યા વગર સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યો હતો. પોતાના લાડકવાયા બાળકને હેમખેમ જોઈ પરિવારજનોએ રાહતનો શ્વાસ લીધો હતો.

# ઝઘડિયા GIDC બ્લાસ્ટ બાદ બબાલ પ્રકરણમાં ચૈતર વસાવા સામે ત્રણ FIR

**ચૈતર** વસાવા પર મારામારી અને સરકારી કામમાં અડચણના આરોપ

ભરૂચઃ ઝઘડિયા GIDC વિસ્તારમાં એક કંપનીમાં થયેલા વિસ્ફોટ (બ્લાસ્ટ) બાદ તણાવ વધતાં સ્થાનિકોએ રોષ ઠાલવ્યો હતો. આ ઘટનામાં એક વ્યક્તિના મૃત્યુના સમાચાર મળતાં જ વિસ્તારમાં હોબાળો મચી ગયો હતો. ઘટના સ્થળે મતદાનના બીજા દિવસે સ્થાનિક ધારાસભ્ય ચૈતર વસાવા પોતાના સમર્થકો સાથે પહોંચ્યા હતા, જ્યાં તેમનો રોશન વસાવા નામની વ્યક્તિ સાથે ઉગ્ર બોલાચાલી બાદ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. વાત વધતાં લાફાવાળી સુધીનો મામલો પહોંચતાં વાતાવરણ તંગ બની ગયું હતું. આ ઘટનામાં સ્થાનિકો વચ્ચે વિવાદ વધતાં કંપની સાથે વળતર માટેનો પ્રશ્ન સાઈડ પર રહ્યો હતો. બીજા દિવસે જ પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરતાં ઝઘડિયા GIDC પોલીસ સ્ટેશનમાં ચૈતર વસાવા સામે ત્રણ અલગ-અલગ ફરિયાદો નોંધી છે. પ્રથમ FIR રોશન વસાવાને માર મારવા બાબતે, બીજી સરકારી કામમાં દખલગીરી કરવા બદલ અને ત્રીજી કંપનીના પરિસરમાં ગેરકાયદે પ્રવેશ કરવાની છે. પોલીસે આ ત્રણેય FIRને 'સેન્સિટિવ કેટેગરી'માં મૂકી છે.

સ્થાનિક ધારાસભ્ય ચૈતર વસાવાનો આક્ષેપ છે કે, પોલીસ પ્રશાસન કંપનીને બચાવવાના પ્રયાસો કરી રહ્યું છે અને તેમને ડરાવવા માટે FIR નોંધવામાં આવી છે. ગંભીર દુર્ઘટના અને મૃત્યુ બાદ ઝીરો અવર્સમાં કંપની સામે ફરિયાદ થવી જોઈતી હતી, પરંતુ ઝઘડિયા પોલીસે પાંચ દિવસ સુધી કોઈ કાર્યવાહી કરી ન હતી. પ્રશાસને માત્ર કંપની બંધ કરવાની નોટિસ આપી સંતોષ માન્યો છે. તેમણે વધુમાં જણાવ્યું કે તેઓ પીડિત પરિવારો સાથે માનવતાના ધોરણે મદદ માંગવા ગયા હતા, જે બદલ તેમના પર FIR નોંધવામાં આવી છે. વસાવાએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું, અમે જેલ જવાથી ડરતા નથી.

# દૂધધારા ડેરીએ ગાય-ભેંસના દૂધના ભાવમાં વધારો કર્યો

ભરૂચઃ દૂધધારા ડેરી ભરૂચના નિયામક મંડળની બોર્ડ ડાયરેક્ટર્સની મિટિંગ બુધવારે યોજાઈ હતી, જેમાં ઉનાળાની ઋતુમાં દૂધ ઉત્પાદકોને રાહત આપવા માટે ગાય અને ભેંસના દૂધના ખરીદ ભાવમાં નોંધપાત્ર વધારો કરવાનો નિર્ણય લેવાયો છે.



મિટિંગમાં ગાયના દૂધમાં પ્રતિ કિલો ફેટ દીઠ 10 રૂપિયાનો વધારો કરીને નવો ભાવ 835 રૂપિયા નક્કી કરવામાં આવ્યો છે. જ્યારે ભેંસના દૂધના ભાવમાં પંદર રૂપિયાનો વધારો કરીને 840 રૂપિયા પ્રતિ કિલો ફેટ કરવામાં આવ્યો છે. આ નિર્ણય ઉનાળા દરમિયાન ઉત્પાદકોને વધુ લાભ મળે તે હેતુથી લેવાયો છે. ઉપરાંત ડેરીએ આજથી ઘીના 500 એમએલનાં નવાં ટીન પેકિંગનું બજારમાં લોન્ચિંગ કર્યું છે. દૂધધારા ગાયના ઘીનું 500 એમએલ ટીન 345 રૂપિયા અને દૂધધારા ઘીનું ટીન 330 રૂપિયાના વેચાણ ભાવે ઉપલબ્ધ થશે.

હવેથી 500 એમએલ ઘીનું પ્લાસ્ટિક પાઉચ પેકિંગ તબક્કાવાર રીતે બંધ કરીને તેનું સ્થાન ટીન પેકિંગને આપવામાં આવશે, જેથી ગ્રાહકોને ફ્રેશ અને ઉચ્ચ ગુણવત્તાવાળું ઘી મળી રહે. મિટિંગમાં એક મહત્ત્વપૂર્ણ સમાચાર એ પણ આવ્યા કે કેન્દ્રીય સહકારીતા અને ગૃહમંત્રી અમિત શાહ તેમજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી રાષ્ટ્રીય કક્ષાએ દૂધ સંપાદન માટે સ્થપાયેલી સરદાર પટેલ કો-ઓપરેટિવ ડેરી ફેડરેશન લિમિટેડના ડિરેક્ટર તરીકે દૂધધારા ડેરી ભરૂચના ચેરમેન ઘનશ્યામભાઈ પટેલની નિમણૂક થતાં દૂધ ઉત્પાદકો અને નિયામક મંડળ દ્વારા આવકારવામાં આવ્યા છે.

## કડોદરામાં ગાંજા સાથે એક ઝડપાયો

પલસાણાઃ સુરત એસ.ઓ.જી. શાખા ટીમને મળેલી બાતમીના આધારે કડોદરા ગામની સીમમાં પ્રિયંકા પુલિયા પાસે આવેલી નહેરના કિનારે દરોડા પાડવામાં આવ્યા હતા. આ સ્થળેથી સત્યમકુમાર ઉર્ફે સોનુ શ્યામસીંગ (રહે., કડોદરા, મૂળ બિહાર) નામના આરોપીને ૦.૩૯૯ કિલોગ્રામ વજનના ગાંજાના જથ્થા સાથે પકડી પાડવામાં આવ્યો છે. જપ્ત કરાયેલા આ ગાંજાની કિંમત રૂ.૧૯,૯૫૦ છે. આરોપી પાસેથી રોકડ રકમ રૂ.૮૬૦ તથા અન્ય સામગ્રી મળીને કુલ રૂ.૨૦,૮૧૦ નો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો છે. તપાસ દરમિયાન બહાર આવ્યું છે કે, પકડાયેલો આરોપી સત્યમકુમાર આ ગાંજાનો જથ્થો હર્ષ દીપક સીંગ (રહે., કડોદરા, પ્રિયંકા ગ્રીન સિટી પાસે) પાસેથી મેળવીને છૂટક વેચાણ કરતો હતો. હર્ષ દીપક સીંગને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે.

## મુખ્ય સચિવ-ભરૂચ પોલીસ અધિક્ષકને નોટિસ

ભરૂચઃ ગુજરાતના ભરૂચ જિલ્લામાં આવેલી એક કેમિકલ ફેક્ટરીમાં તાજેતરમાં થયેલા વિસ્ફોટ અને આગની ઘટનામાં 16 કામદાર ઘાયલ થયાના મીડિયા અહેવાલો પર રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ (NHRC)એ નોંધ લીધી છે. પંચે જણાવ્યું કે સમાચારની સામગ્રી સાચી હોવાના કિસ્સામાં ઘાયલોના માનવાધિકારના ઉલ્લંઘનના ગંભીર મુદ્દા ઊભા થાય છે. આ NHRCએ ગુજરાતના મુખ્ય સચિવ અને ભરૂચના પોલીસ અધિક્ષકને નોટિસ ફટકારી છે. તેમને બે અઠવાડિયાની અંદર વિગતવાર અહેવાલ સોંપવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. મળતી માહિતી અનુસાર NHRCએ અહેવાલમાં ઘાયલ કામદારોની વર્તમાન તબિયત, તપાસની પ્રગતિ અને પીડિતોને અપાયેલા કોઈપણ વળતરની સંપૂર્ણ વિગતો સામેલ કરવા આદેશ આપ્યો છે.

# રણકપોર ગામે દારૂ ઝડપાયો

પલસાણા, વાંકલઃ માંગરોળના રણકપોરમાં આવેલ ક્રિકેટ ગ્રાઉન્ડ નજીકથી સુરત એલસીબીએ 4.58 લાખ રૂપિયાના વિદેશી દારૂના જથ્થા સાથે બે વાહન કબજે કર્યાં હતાં. પોલીસને બાતમી મળી હતી કે એક બુટલેગર દ્વારા દારૂ મંગાવવામાં આવ્યો છે અને તેને સગેવગે કરવાની પેરવી કરવામાં આવી રહી છે. બાતમી મળતાની સાથે જ પોલીસે તરત જ કાર્યવાહી કરી હતી. જો કે, પોલીસનાં વાહનો જોઈને સ્થળ પર હાજર રહેલા આરોપીઓ અંધારાનો લાભ લઈને નાસી છૂટવામાં સફળ રહ્યા હતા. પોલીસે ઘટના સ્થળ પરથી તપાસ કરતાં વિદેશી દારૂની ૨૯૬૪ બોટલ અને ટીન બિયરનો મોટો જથ્થો કબજે કર્યો છે, જેની કિંમત અંદાજે ૪,૫૮,૧૩૬ રૂપિયા થાય છે. આ ઉપરાંત ઘટના સ્થળ પરથી હ્યુન્ડાઈ આઈ-૨૦ અને મારુતિ સુઝુકી ઈકો કાર મળી આવી હતી, જેની કુલ કિં.૮.૫૦ લાખ રૂપિયા થાય છે. એક મોબાઈલ ફોન પણ જપ્ત કરવામાં આવ્યો છે. કુલ મળીને ૧૩,૧૮,૧૩૬ રૂપિયાનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. હાલમાં મુખ્ય આરોપી હિતેશ ઉર્ફે લાલુ વસાવા અને તેના અજાણ્યા સાગરીતોને વોન્ટેડ જાહેર કર્યા હતા.


Milano MULTIPLEX

બારડોલી

Bhooth Bangla
11:00am, 01:00pm, 03:00pm, 06:00pm, 09:00pm, 10:00pm

Dhurandhar The Revenge
02:00pm, 08:00pm

Behrupiyo-Gujarati
07:00pm

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્ક: 98791 33333





હાર્દિક અભિનંદન

અમારા નાનાભાઈ ભાજપના ઓલપાડ તાલુકા પંચાયતની કુડસદ 1 બેઠક ના ઉમેદવાર રાહુલભાઈ નવઘણભાઈ ભોકળવાને બિનહરીફ થવા બદલ એમને ખૂબ ખૂબ અભિનંદન તેમજ એમની આ નવી જવાબદારી ખંતપૂર્વક નિભાવી કુડસદ 1 ના તાલુકા પંચાયત ના ગામોમાં વિકાસ ની પરંપરા ને ખૂબજ આગળ ધપાવે એવી શુભેચ્છા સહ હાર્દિક અભિનંદન પાઠવીએ છીએ. સાથે જ અમારા આ મિશનમાં મદદરૂપ થનાર ઓલપાડ ના વિકાસ પુરૂષ પૂર્વ મંત્રીશ્રી અને ધારાસભ્ય મુકેશભાઈ પટેલ, સુરત ના સાંસદશ્રી મુકેશભાઈ દલાલ, તાલુકા સંગઠન પ્રમુખ કુલદિપસિંહ ઠાકોર, સંગઠન મહામંત્રી સુનીલભાઈ પટેલ, તાલુકા પંચાયત સભ્યો, સંગઠન ના સૌ હોદ્દેદારો, શુભેચ્છક મિત્રો તેમજ તાલુકા પંચાયત કુડસદ 1 માં આવતા ગામના યુવાન મિત્રો તેમજ સૌ ભાઈઓ, બહેનો, તેમજ કાર્યકર મિત્રોનો આભાર માનીએ છીએ.

-: શુભેચ્છક :-

જાલાભાઈ જોગાભાઈ (કટીયાભાઈ) ભોકળવા


### મહે કઠોરના જ્યુ.મેજી. ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં

પરચુરણ અરજી નં. ૬૦૯ / ૨૦૨૬
અરજદારના વકીલશ્રી ધર્મેશ એમ પરમાર
વકીલશ્રી ભુમિકા બી પટેલ

અરજદાર : ગોસ્વામી સુનિતાબેન ઉર્મિલગીરી

વિરુદ્ધ

સામાવાળા: તલાટી કમ મંત્રીશ્રી, ખોલવડ ના કામરેજ, જી.સુરત:

આ કામના અરજદારે પોતાની પુત્રી નામે મોક્ષા ઉર્મિલગીરી ગોસ્વામીના જન્મના દાખલામાં અત્રેની કોર્ટમાં માતાના નામવાળી કોલમમાં માતાનું નામ શિવાંગી/ SHIVANGI લખાઈ ગયેલ છે. તેના સ્થાને "સુનિતાબેન / SUNITABEN" મુજબનો સુધારો કરવા માટે અત્રેની કોર્ટમાં અરજી કરેલી છે. જેની મુદત તા-30/05/૨૦૨૬ ના રોજની મુકર્રર કરવામાં આવેલી છે. આથી જો કોઈ વ્યક્તિને સદરહુ અરજી સામે કોઈપણ પ્રકારનો વાંધો, વિરોધ હોય તો પોતે અથવા વકીલ મારફત હાજર રહેવું જ તેમ કરવામાં કસુર કરશો તો અરજદારની અરજી અંગે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજરોજ તા. મી માટે ૦૪ સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | | હુકમથી |
|---|---|---|---|
| શ્રી એસ.બી.બલદાણીયા | શ્રીમતી એ. આર. ભટ્ટ | કોર્ટનો સિક્કો | જે. એન. પટેલ |
| આસી. સીવીલ કોર્ટ કઠોર | સુપ્રિ. સીવીલ કોર્ટ કઠોર | | રજીસ્ટ્રાર. સીવીલ કોર્ટ કઠોર |

### મહે કઠોરના જ્યુ.મેજી.ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં

પરચુરણ અરજી નં. ૬૧૦/૨૦૨૬
અરજદારના વડીલશ્રી ધર્મેશ એમ પરમાર, વકીલશ્રી ભુમિકા બી પટેલ

અરજદાર:- ભાલીયા રાજેશભાઈ ગણપતભાઈ

વિરૂદ્ધ

સામાવાળા: તલાટી કમ મંત્રીશ્રી, નવાગામ,ગ્રામ પંચાયત, તા કામરેજ, જી.સુરત

આ કામના અરજદારે તેમના પિતાશ્રી નામે ગણપતભાઈના મરણના દાખલામાં માતાના નામવાળી કોલમમાં ભીખીબેન લખાયેલ છે. તેના સ્થાને શાંતાબેન મુજબનો સુધારો કરવા માટે અત્રેની કોર્ટમાં અરજી કરેલી છે. જેની મુદત તા:30/05/૨૦૨૬ ના રોજની મુકર્રર કરવામાં આવેલી છે. આથી જો કોઈ વ્યક્તિને સદરહુ અરજી સામે કોઈપણ પ્રકારનો વાંધો, વિરોધ હોય તો પોતે અથવા વડીલ મારફત હાજર રહેવું જો તેમ કરવામાં કસુર કરશો તો અરજદારની અરજી અંગે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજરોજ તા. મી માહે ૦૪ સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

| તૈયાર કરનાર | | મુકાબલ કરનાર | હુકમથીશ્રી |
|---|---|---|---|
| એસ.બી.બલદાણીયા | કોર્ટનો સિક્કો | શ્રીમતિ એ.આર.ભટ્ટ | (જે.એન.પટેલ) |
| આસી.સીવીલ કોર્ટ કઠોર | | સુપ્રિ.સીવીલ કોર્ટ કઠોર | રજી.સીવીલ કોર્ટ કઠોર |

### મહે. કઠોરના જ્યુ. મેજી. ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં

ફો.પ.અ.નં.૫૧૨/૨૦૨૬
ઠરાવ તા.૦૨/૦૫/૨૦૨૬
અરજદારના વકીલશ્રી ધર્મેશ કે. પટેલ

અરજદાર : પાયલ પ્રવિણભાઈ પટેલ, ઉ. આ. વ.૨૪, ધંધો. અભ્યાસ, રહે. પટેલ ફળીયુ, બોધન ગામ, તા.અરેઠ, જી.સુરત

સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી કામરેજ ગામ, તા.કામરેજ, જી.સુરત

આ કામના અરજદારે અત્રેની કોર્ટમાં પોતાના જન્મનાં પ્રમાણપત્રમાં પિતાના નામવાળી કોલમમાં પિતાનું નામ પ્રવિણભાઈ મંગુભાઇ પટેલ લખોયેલ છે તેના સ્થાને પ્રવિણભાઈ ધનસુખભાઈ પટેલ મુજબનો સુધારો કરવા માટેની અરજી કરી છે. જેની મુદત તા. ૦૨/૦૫/૨૦૨૬ ના રોજની મુકરર કરવામાં આવેલી છે. આથી જો કોઈ વ્યક્તિને સદરહુ અરજી સામે કોઈપણ પ્રકારનો વાંધો, વિરોધ હોય તો પોતે અથવા વકીલ મારફત હાજર રહેવું, જો તેમ કરવામાં કસુર કરશો તો અરજદારની અરજી અંગે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજરોજ તા. ૧૫ મી માહે એપ્રિલ સને ૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | | હુકમથી |
|---|---|---|---|
| શ્રી એસ.બી.બલદાણીયા | શ્રીમતી એ. આર. ભટ્ટ | કોર્ટનો સિક્કો | જે. એન. પટેલ |
| આસી. સીવીલ કોર્ટ કઠોર | સુપ્રિ. સીવીલ કોર્ટ કઠોર | | રજીસ્ટ્રાર. સીવીલ કોર્ટ કઠોર |